ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૫૬ ટકા

# સિવિલમાં દવાની લાઈન ઘટાડવા વધુ દવાબારી ઉભી કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે સિવિલમાં ટોકન લેવા માટે, કેસ કઢાવવા, ડોકટરને બતાવવા, લેબોરેટરી કે રેડીયોલોજીમાં ટેસ્ટ કરાવવાથી માંડીને છેક દવા લેવા સુધી દરેક જગ્યાએ દર્દી કે સગાએ લાંબી કતારોનો સામનો કરવો પડે છે. રજાના પછીના દિવસે તો દર્દીને પોતાની બિમારી કરતા લાઈનમાં ઉભા રહેવાથી દર્દ વધારે સહન કરવાનો વારો તેવી સ્થિતિ સર્જાય છે. ત્યારે દર્દીઓનો લાંબી લાઈનમાંથી છુટકારો મળી રહે તે માટે દવાની બારીઓમાં વધારો કરવાની વિચારણા ચાલી રહી છે. આ અંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિબેન લાખાણીએ જણાવ્યું હતું કે હાલ દવા વિતરણની કુલ-૪ બારીઓ છે તેમ છતા ૧૨ કલાકની આસપાસ દવા લેવા માટે ખુબ મોટી કતારો સર્જાય છે. કયારેક ફાર્માસીસ્ટની રીશેષનો સમય પણ દર્દીઓને દવા આપવામાં જતો રહે છે. ત્યારે દવાબારી પર લાગતી લાંબી કતારો ઓછી કરવા માટે વધુ બે દવાની બારી ઉભી કરાશે.જયારે બાજુમાં ચાલતા એઈડ્સ વિભાગને અન્યત્ર ખસેડીને ત્યાં નવી બે દવાબારી ખોલવામાં આવશે. તે ઉપરાંત મેડીસીન વિભાગમાં દર્દીઓનો ભારે જમાવડો જોવા મળે છે. જેથી વ્યવસ્થાના ભાગરૂપે ઈસીજી વિભાગને અન્ય જગ્યાએ લઈ જવામાં આવનાર છે. સિવિલ હોસ્પિટલમાં રોજના ૮૦૦થી વધુ ટોકન આપવામાં આવે છે. ત્યારે સૌથી વધુ દર્દીઓ મેડીસીન વિભાગના હોય છે. જેને પગલે મેડીસીન વિભાગ દર્દીઓથી ધમધમતો રહે છે. જયારે દવાનો સ્ટોર તો છેલ્લા કેટલાક સમયથી નાનો પડી રહ્યો છે. સામેની બાજુએ સ્ટોરનું કામ પણ શરુ થયુ હતું પરંતુ કોણ જાણે કેમ નવા સ્ટોરના કામની ફાઈલ કયાં અટવાઈ ગઈ છે તે કોઈને હજુ સુધી ખબર નથી. સિવિલમાં આગામી સમયમાં હજુ પણ મોટા ફેરફાર થાય તો નવાઈ નહી, ત્યારે તંત્ર દ્વારા આરોગ્યની દ્રષ્ટિએ દર્દીઓના હિતમાં લેવાયેલ નિર્ણય આવકારદાયક છે.

## હવેલી મંદિર સેકટર-૨૧ ખાતે નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનો પ્રારંભ



સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે સી. એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના સહયોગથી મોબાઈલ વાન દ્વારા પાંચ દિવસીય કેમ્પનો આજ રોજ પ્રારંભ થયો, જે તા. ૨૮ સપ્ટેમ્બર સુધી ચાલશે. આજની શિબિરમાં કુલ ૩૫ દર્દીઓએ ભાગ લીધો હતો અને સારવાર તેમજ માર્ગદર્શન મેળવ્યું હતું. શિબિરમાં TFT, અલ્ટ્રાસાઉન્ડ, TENS ની સારવાર અને સાંધા માટેની જુદી જુદી કસરત પણ સારવાર રૂપે કરાવવામાં આવી અને તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફિઝિયોથેરાપી કોલેજના ડો. ફાલ્ગુની તેમજ અન્ય ડોકટર મિત્રોએ સેવા આપી તથા કાઉન્સિલના અને વૈષ્ણવ સમાજના સેવાભાવી સભ્યોએ ઉપસ્થિત રહી સહયોગ પૂરો પાડયો હતો.

## સે-૩ ન્યુ ખાતે કચરાના નિકાલ અંગે વસાહતીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે તાજેતરમાં વસાહતી ભાઈ-બહેનોની બેઠક યોજાઈ હતી. જેમાં કોર્પોરેશનના સેનેટરી ઈન્સ્પેકટર અરવિંદભાઈ પરમાર અને જીગર મોથીલીયા હાજર રહ્યા હતા અને કચરાના નિકાલ અંગે સવિસ્તાર માહિતી પુરી પાડી હતી.

કચરાના નિકલા અંગે યોજાયેલી બેઠકમાં મનપાના સેનેટરી ઈન્સ્પેકટરોએ જણાવ્યું હતું કે ભીનો કચરો લીલા રંગના ડસ્ટબીનમાં તેમજ સુકો કચરો વાદળી ડસ્ટબીનમાં નાંખવો, જેથી સુકો કચરો રીસાઈકલીંગ પ્રોસેસમાં વપરાય છે. મીકસ થાય તો રીસાયકલીંગ પ્રોસેસમાં વપરાય નહીં, આ બાબતની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. જયારે કચરો લેવા માટે આવનાર કર્મચારીઓને સહકાર આપવા જણાવ્યું હતું. આ બેઠકમાં સેકટર-૩ ન્યું વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા સહિત હોદેદારો, આગેવાનો તેમજ વસાહતી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. વસાહત મંડળ તરફથી સેનેટરી ઈન્સ્પેકટરનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ઉપરાંત સેકટરનું દવાખાનું શરુ કરવા સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા તેમજ વસાહત મંડળ દ્વારા આરોગ્ય તંત્રમાં રજુઆત કરી હતી. તેમજ સરકારી દવાખાનામાં આર્યુવેદિક સેવાઓ શરુ થાય તે માટે કામગીરી કરવામાં આવી રહી છે.

## શહેર રાજપૂત સમાજની સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર રાજપૂત સમાજની સાધારણ સભાની બેઠક તાજેતરમાં સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે બપોરે ૨ કલાકે મળી હતી. જેમાં રાજપૂત સમાજના આગેવાનો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા.

રાજપૂત સમાજની સાધારણ સભામાં વાર્ષિક હિસાબોને સર્વાનુમતે વંચાણે લઈ બહાલ રાખવામાં આવ્યા હતા. એટલું જ નહી સમાજના પ્રમુખ તરીકે શંકરસિંહ રાણાના કાર્યકાળ દરમિયાન બે વર્ષમાં કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી. શહેર રાજપૂત સમાજની દર બે વર્ષે કારોબારી બદલાય છે, જેને પગલે આગામી બે વર્ષ માટે શહેર રાજપૂત સમાજના પ્રમુખ તરીકે એલ.કે.વાઘેલાની બિન હરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવનિયુકત પ્રમુખ એલ.કે.વાઘેલા ચીફ એન્જીનિયર છે તે ઉપરાંત લાયોનેસ કલબ સાથે જોડાયેલા છે. હાલમાં નાગરીક બેંકમાં બોર્ડ ઓફ ડિરેકટર તરીકે કામ કરે છે. અગાઉ નાગરીક બેંકમાં ચેરમેન પણ રહી ચુકયા છે. સમાજના સૌ સભ્યોએ આ વરણીને વધાવી લીધી હતી. આલમપુર ખાતે નવું વિશાળ કદનું સમાજ ભવન આકાર લેવા લઈ જઈ રહ્યું છે તે કામગીરીમાં ઝડપથી પ્રગતિ થાય અને સમાજની આગળની તમામ પ્રવૃતિને વેગ મળે, તેમજ જવાબદાર વ્યકિત તરીકે તેમના અનુભવનો લાભ સમાજને મળી રહેશે. આ પ્રસંગે ડો. શંકરસિંહ રાણા, અંબુજી ગોલ, સમાજના જિલ્લા પ્રમુખ રાજનસિંહ ચાવડા, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સુર્યસિંહ ડાભી, કેસરીસિંહ વાઘેલા, પી.પી.બિહોલા, બી.ડી.વાઘેલા, વિક્રમસિંહ ગોલ, દિનેશસિંહ ચાવડા સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની ૪૩મી સાધારણ સભા યોજાઈ




ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડની ૪૩મી વાર્ષિક સાધારણ સભા મંડળીના પ્રમુખ દિલીપસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાઈ હતી. આ સાધારણ સભામાં મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યા હતા.

આંબેડકર હોલ ખાતે આયોજીત સાધારણ સભાના પ્રારંભે સ્વ. અટલબિહારી વાજપેયીના માનમાં બે મિનીટનું મૌન પાળીને તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ મંડળીના ચેરમેન દ્વારા સ્વાગત પ્રવચનમાં મંડળીના વિકાસ અને પ્રગતિની વિસ્તૃત માહિતી સભાસદોને આપી હતી. વર્ષ દરમિયાન દુધ અને તેની બનાવટોના વિતરણમાં થયેલા વધારાની અને અમુલ તરફથી મંડળીને આપવામાં આવેલા દુધ વેચાણ માટેના અને નિયમિત નાણાં ભરપાઈ કરવા બાબતે આપવામાં આવેલા એવોર્ડની વિશેષ જાણકારી આપી હતી. ચાલુ વર્ષે સભાસદોને રૂ.૧૫૦ ગ્રાહક વળતર અને રૂ.૫૦ ડીવીડન્ડ એમ કુલ રૂ.૨૦૦ ભેટ આપી શકાય તેવી જોગવાઈ કરવામાં આવી હોવાની વિગતો રજુ કરતા સભાસદોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.મંડળીના મેનેજીંગ ડીરેકટર ચંદ્રસિંહ વાઘેલાએ એજન્ડા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે વાઈસ ચેરમેન સુરેશકુમાર મહેતાએ સભાસદોનો આભાર વ્યકત કર્યો હતો. સાધારણ સભાનું સંચાલન મંડળની જનરલ ચેરમેન નરહરદાન ગઢવીએ કર્યું હતું. મંડળીના જો.મેનેજીંગ ડિરેકટર કેતન પટેલ, દુધ સમિતિના ચેરમેન ભાનુમતિ બેન રોહિત, તેમજ સભ્યો મંગળદાસ પટેલ, રાજેશ પંચોલી, તેજાભાઈ દેસાઈ, પંકજભાઈ શુકલ, ઈશ્વરભાઈ પટેલ, બિપિનસિંહ વાઘેલા, ગજેન્દ્રસિંહ રાઠોડ, કે.સી.શાહ ખાસ હાજર રહ્યા હતા.

## કૌશલ્ય કલબ આયોજિત બમ્પર હાઉસીમાં ૩૨ જેટલી સરકારી શાળામાંથી ખેલ મહાકુભમાં વિજેતા ૫૦ દિકરીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની કૌશલ્ય કલબ દ્વારા આગામી તા. ૨૮મી સપ્ટેમ્બર શુક્રવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સે-૧૭માં ટાઉનહોલ ખાતે બમ્પર હાઉસીનું આયોજન કરવામાં આવ્યુ છે. આ બમ્પર હાઉસીમાં ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી અને આ વર્ષે ખેલ મહાકુંભમાં મેડલ જીતી હોય તેવી જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓનું સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત બમ્પર હાઉસીની તમામ આવક જરૂરિયાતમંદ વર્ગની દિકરીના લગ્નપ્રસંગે કરિયાવર માટે વાપરવામાં આવશે.

કૌશલ્ય કલબ દ્વારા આયોજિત બમ્પર હાઉસી કાર્યક્રમમાં મહિલાઓ માટે હાઉસી ગેઈમ ઉપરાંત લકી ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બમ્પર હાઉસીમાં મુખ્ય આકર્ષણ શહેરની ૩૨ જેટલી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતી અને ખેલ મહાકુંભમા વિવિધ રમતોમાં ભાગ લઈને મેડલ જીતેલી અંદાજે ૫૦ જેટલી દિકરીઓનું શિલ્ડ આપી સન્માન કરવાનું આયોજન છે. આ સાથે તે દિકરીઓને સંસ્થા દ્વારા એક ચાંદીનો સિક્કો અને ઠંડા પાણી માટેની બૉટલ પણ ભેટ આપવામાં આવશે. બમ્પર હાઉસી કાર્યક્રમનો ઉદ્દેશ જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓને મદદરૂપ થવાનો છે તેથી કાર્યક્રમના અંતે સંસ્થાને જે પણ આવક થશે તે તમામ આવક શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ પરીવારની દિકરીઓના લગ્નના કરીયાવર માટે વાપરવાનો સંસ્થાએ નિર્ધાર કર્યો છે. કૌશલ્ય કલબ દ્વારા આયોજિત બમ્પર હાઉસીમાં મહિલાઓ રમતના આનંદ સાથે જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓને મદદરૂપ થવાના સદકાર્યનો ભાગ બની શકશે. આ હાઉસીમાં ભાગ લેવા માટે કૌશલ્ય કલબના હર્ષાબા ધાંધલ, વૈશાલી જોષી, હર્ષાબેન પટેલ અથવા ગીતાબેન ખુમાણનો સંપર્ક સાધવાનો રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



તાજેતરમાં હિમાચલ પ્રદેશ ખાતે યોજાયેલ જુનિયર નેશનલ હેન્ડબોલ ચેમ્પિનશીપમાં ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની જુનયિર ગર્લ્સ ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ટીમમાં ૬ ખેલાડીઓ સાઈના સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરના તાલીમાર્થી છે. સમગ્ર ટીમને સાઈના હોદેદારો તથા કોચ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચૌધરી હાઈસ્કુલ ખાતે કારકિર્દી આયોજન સપ્તાહનું ઉદઘાટન

### ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર વિદ્યાર્થીઓ માટે અતિ ઉપયોગી છે




ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ખાતે શ્રી જે.એમ.ચૌધરી હાઈસ્કુલ ખાતે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે.એમ.ચૌધરી હાઈસ્કુલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને પોતાના મનપસંદ અને રૂચી આધારિત કારકિર્દીના ઘડતર અંગે જિલ્લા રોજગાર અધિકારી શ્રી વી.એસ.પાંડોરે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વના છે. કારકિર્દી આયોજન સપ્તાહ દરમ્યાન વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓ દ્વારા પોતાના વિચારો અને શક્તિઓને શ્રેષ્ઠતાથી પ્રદર્શિત કરવાની તક મળે છે. સંસ્થાના મહામંત્રી શ્રી એમ.કે.ચૌધરી તથા નાયબ માહિતી નિયામક શ્રી નરેશભાઈ એલ. ચૌધરીએ યુવક-યુવતીઓ માટે જુદા જુદા ક્ષેત્રોમાં સ્કીલ્ડ ડેવલપમેન્ટ દ્વારા રોજગારીની તકો ઝડપીને પોતાની આવતીકાલને વધુ ઉજ્જવળ બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી પસંદગીની નિર્ણાયક ક્ષણોમાં યોગ્ય માર્ગદર્શનની જરૂરિયાત અતિ ઉપયોગી છે.

એજ્યુકેશન ઈન્સ્પેકટર શ્રી હિમાંશુ પટેલ તથા નિર્મલભાઈ પટેલે જણાવ્યું હતુ કે, કારકિર્દીની સાચી દિશા નક્કી કરવા માર્ગદર્શન કોર્નર દ્વારા આપે પસંદ કરેલ કારકિર્દી આપને સફળતાના દ્વાર સુધી લઈ જશે.

આ પ્રસંગે જે.એમ. ચૌધરી હાઈસ્કુલના આચાર્ય શ્રી રમીલાબેન ચૌધરી સહિત વિશાળ સંખ્યામાં કન્યાઓ અને શિક્ષણગણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શહેરના સે-૨૪ હરસિધ્ધનગરમાં છેલ્લા ત્રણ દિવસથી લાઈટના ધાંધિયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ હરસિધ્ધનગર ખાતે છેલ્લા ત્રણ દિવસથી રોજ રાત્રે બે કલાકથી વધુના સમય માટે લાઈટ ડુલ થઈ જતા વસાહતીઓ પરેશાન થઈ ગયા છે. રાત્રે અચાનક લાઈટ જતા નાના બાળકો તેમજ બિમાર દર્દીઓને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. જયારે લાઈટ ન હોવાથી નાગરીકોને ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં લાઈટ ડુલ થવાના કિસ્સા છાશવારે સામે આવે છે. સેકટરમાં આવેલી ડીપીમાં કોઈ ટેકનીકલ ખામી સર્જાઈ હોય તો લાઈટ બંધ થઈ જતી હોય છે. ટોરેન્ટ તંત્ર દ્વારા નિયમિત તેની જાળવણી પણ કરવામાં આવે છે. તેમ છતા કોઈક સ્થળે લાઈટ જવાના બનાવ બનતા રહે છે. ત્યારે સેકટર-૨૪ સ્થિત હરસિધ્ધનગરમાં છેલ્લા ત્રણ દિવસથી રોજ રાત્રીના સમયે લાઈટ જતી રહે છે ત્યારબાદ બે કલાક જેટલા સમય બાદ આવે છે. લાઈટ જતા નાગરીકોની હાલત કફોડી બની જાય છે. જયારે નાના બાળકો અને બિમાર દર્દીઓ ઉંઘમાંથી સફાળા જાગી જાય છે. જયારે લાઈટ ન હોવાથી પંખા બંધ રહેતા મચ્છરોનો ત્રાસ વધી જવા પામે છે. નાગરીકોને બે કલાક ઘરની બહાર બેસીને સમય પસાર કરવાનો વારો આવે છે.તો બીજી તરફ લાઈટ ન હોવાથી અંધકારમાં ચોરીઓનો ભય પણ વસાહતીઓને સતાવી રહ્યો છે. ત્યારે ટોરેન્ટ તંત્ર કોઈ ટેકનીકલ ખામી સર્જાઈ હોય તો તેનું સત્વરે રીપેરીંગ કરી યોગ્ય કરવામાં આવે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે. બાકી લાઈટના ધાંધિયાથી વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠયા છે.



ગાંધીનગરના સેકટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે એની એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ અને સ્વચ્છતા વિષયે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં યોગ શિક્ષક રમેશભાઈ પંડયાએ બાળકોને યોગ-પ્રાણાયામ અંગે અને યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણાએ સ્વચ્છતા અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ભરતભાઈ ગજ્જર સહિત શાળાના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## આજથી પંદર દિવસ શ્રાધ્ધ પક્ષનો મહિમા

### ભાદરવા માસમાં વદ પક્ષની એકમ તિથિથી અમાસ સુધી શ્રાધ્ધ કરાશે : આરોગ્ય માટે પણ શ્રાધ્ધનો આહાર ઉત્તમ ગણાય છે

ગાંધીનગર, તા.૨૪

ભાદરવા માસના વદ પક્ષના પંદર દિવસ 'પિતૃ પક્ષ' તરીકે ગણાય છે.જેથી એકમ તિથિથી અમાસ સુધી શ્રાધ્ધ પક્ષનો મહિમા વર્ણવાયો છે અને હિંદુ ધર્મશાસ્ત્રો મુજબ તિથિ મુજબ પિતૃઓના શ્રાધ્ધ કરવામાં આવે છે. શ્રાધ્ધના દિવસો દરમિયાન પોતાના પિતૃને યાદ કરી યશાશકિત તેમની સમૃતિ અને સંભારણા માટે દાન-પુણ્ય કરી કાગવાસ અર્પણ કરી સગા સંબંધીઓ સાથે ભોજન કરવાનો વિધિ-વિધાન શાસ્ત્રમાં વર્ણવેલો છે જેથી પિતૃઓના આત્માને શાંતિ મળે અને તેમના સંતાનોને શુભ આશીર્વાદ પ્રદાન કરે તેવી અપેક્ષા રખાય છે.

શ્રાધ્ધ પક્ષના પંદર દિવસ દરમિયાન પિતૃઓના જે તે વર્ષ દરમિયાનની તિથિએ થયેલા અવસાનને ધ્યાને લઈ તે તિથિએ શ્રાધ્ધ કર્મ કરવાનો ધર્મગ્રંથોમાં ઉલ્લેખ છે. ચાલુ વર્ષે આજથી એટલે કે પૂનમથી શ્રાધ્ધ પક્ષના મહિમાનો પ્રારંભ થઈ રહ્યો છે.



તા. ૯-૧૦-૨૦૧૮ને મંગળવારના રોજ સમાપ્ત થશે. શ્રાધ્ધ પક્ષમાં મૃતક પિતૃના મૃત્યુના વિવિધ કારણોથી કયુ શ્રાધ્ધ કરવાથી તે પિતૃઓ તૃપ્ત થઈ મોક્ષ પામે છે તેનો ઉલ્લેખ પણ અનેક ધાર્મિક ગ્રંથોમાં કરવામાં આવ્યો છે. જેમાં તા. ૨૫-૯-૧૮ને મંગળવારથી એકમનું શ્રાધ્ધ શરુ થશે.

વિવિધ પ્રકારના શ્રાધ્ધ મુજબ બુધવારે બીજનું શ્રાધ્ધ, ગુરુવારે ત્રીજનું શ્રાધ્ધ, શુક્રવારે ચોથનું ભરણી શ્રાધ્ધ, શનિવારે પાંચમનું કૃતિકા શ્રાધ્ધ, રવિવારે છઠ્ઠનું શ્રાધ્ધ, સોમવારે સાતમનું અને મંગળવારે આઠમનું શ્રાધ્ધ થશે. જયારે તા. ૩-૧૦-૨૦૧૮ને બુધવારે અવિધવાનું નવમીનું શ્રાધ્ધ કરાશે. ગુરુવારે દશમ અને શુક્રવારના રોજ અગિયાર (એકાદશી)નું શ્રાધ્ધ થશે. શનિવારે બારશનું સન્યાસી, બાળા-ભોળા બાળકનું શ્રાધ્ધ કરાય છે તો રવિવારને તેરસના રોજ અપમૃત્યુ, અસ્ત્રશસ્ત્ર અને અકસ્માતથી મૃત્યુ થયેલા પિતૃઓનું શ્રાધ્ધ કરવાનો મહિમા છે. સોમવારે ચૌદશ-પૂનમ-અમાસનું સર્વપિતૃ અમાવાસ્યા શ્રાધ્ધ થાય છે અને મંગળવારના રોજ માતામહ શ્રાધ્ધ સાથે શ્રાધ્ધ પક્ષ સમાપ્ત થશે.

શ્રાધ્ધ પક્ષમાં સૌથી વધુ દુધપાક અને દુધની બનાવટની વાનગીઓ બનાવાય છે જે આરોગ્ય માટે ઉત્તમ આહાર ગણાય છે અને તે પિત્તના શમન માટે ઔષધ સમાન હોવાથી આરોગ્ય પણ આ શ્રાધ્ધ દરમિયાન સારુ થવાના કારણો આયુર્વેદમાં જણાવાયા છે. આમ પિતૃઓના મોક્ષ અર્થે ઉત્તમ ગણાતો શ્રાધ્ધ પક્ષ આજથી પ્રારંભ થઈ ગયો છે.

## વાવોલની એમ.બી. પટેલ સ્કૂલમાં સ્પેસ ટેકનોલોજી પ્રદર્શન યોજાયું



એમ.બી.પટેલ સ્કુલ, વાવોલ ખાતે ભારતની અવકાશક્ષેત્રે સંશોધન માટે જાણીતી સંસ્થા ઈસરોના ઉપક્રમે શાળામાં સ્પેશ ટેકનોલોજી પર એક પ્રદર્શન યોજાયુ હતું. જેમાં પીએસએલવી, જીએસએલવી રોકેટ, અલગ અલગ પ્રકારના સેટેલાઈટના મોડેલ તથા ચાર્ટસ દ્વારા વિદ્યાર્થીઓને માહીતગાર કરવામાં આવ્યા હતા.

ઈસરોમાંથી આવેલ ત્રણ વૈજ્ઞાનિકોએ બાળકોને સ્પેશ ટેકનોલોજી પર સુંદર માહિતી આપી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનિલ કે. પટેલે પણ ખુબ જ હળવી શૈલીમાં ઉદાહરણ સાથે અવકાશ વિજ્ઞાનને સ્પર્શતી વાતો કરી હતી. આ પ્રસંગે ગામના આગેવાનો તથા શાળા સંચાલક મંડળના પ્રતિનિધીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## @ગાંધીનગર

● કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ દ્વારા ઉમા ભવન સે-૧૨ ખાતે બેઠક મળશે.

● સુંદરકાંડના પાઠ મહાકાલી મંદિર સે-૫-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. પ્રેમશંકર ગીરધરલાલ જાની, ઉ.વ. ૭૭
- સ્વ. કેશાજી પ્રતાપજી ગોહિલ, ઉ.વ. ૮૨
- સ્વ. ઠાકોર જેસંગજી કમાજી, ઉ.વ. ૫૭
- સ્વ. જયોત્સના અશોકસિંહ રાજપૂત, ઉ.વ. ૩૬
- સ્વ. વૈભવ મનોજ યાદવ, ઉ.વ. ૧૯
- સ્વ. તનુબેન શંકરભાઈ સીસોદીયા, ઉ.વ. ૯૫
- સ્વ. જિતેન્દ્રભાઈ મફતલાલ પ્રજાપતિ, ઉ.વ. ૫૪